# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૦/કવા-૦૪/૨૦૧૮-૧૯/ 2322-7    તારીખ : 21-3-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
રાઘવભાઈ નાગજીભાઈ તળાવીયા
મું. પો. : બરડિયા , તા. : વિસાવદર, જી. : જુનાગઢ,
મોબાઈલ : ૯૯૯૮૦૩૨૪૩૧
પીન- 362130

વિષય : ખેતીવાડી વીજજોડાણ માં નામ બદલી બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૭-૦૨-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૬૦/કવા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,
( સી જે ગજેરા )
કા વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પ.ગુ.વી.કં.લી , રાજકોટ

બિડાણ : ઉપર મુજબ. 1F

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામા આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં - ૨ પર અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વિસાવદર-૨.

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૦/કવા–૦૪/૧૮–૧૯/ 7344-7 તા. 27-3-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૦/કવા–૦૪/૧૮–૧૯

અરજદાર - રાઘવભાઈ નાગજીભાઈ તળાવીયા, ગામ : બરડિયા

રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

રજૂઆત કરનાર: બી.ડી.પરમાર નાયબ ઈજનેર (ટેક) – ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ હાજર રહેલ છે.

## :: ફોરમ ::

**૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,**

**૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી**

**૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા**

**સુનાવણી સ્થળ:** **પીજીવીસીએલ., વર્તુળ કચેરી, જુનાગઢ**

**તારીખ:** **૧૯/૦૩/૨૦૧૯**

**૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવેલ. અનીવાર્ય સંજોગોના હિસાબે મીટીંગ ને મુલ્તવી કરવી પડેલ હતી. જેથી તા. ૧૯/૦૩/૨૦૧૯ ના રોજ સુનાવણી કરવામાં આવેલ.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી રાઘવભાઈ નાગજીભાઈ તળાવીયા ગામ: બરડિયા– તેઓની અરજી ના નોંધણી નંબર : ૬૦/કવા-૦૪/૨૦૧૮-૧૯ રજુઆતમા જણાવે છે કે – વિસાવદર તાલુકાના બરડીયા ગામે સીમતળમાં આવેલ જમીન સર્વે નંબર: ૧૩૪ પૈકી ૩ – જે તેઓના નામે છે. તેમના ભાઈએ તેઓની જાણકારી કે સહમતી વગર – ૧૩૪ પૈકી ૨ માં ઉભુ કરી અને ચાલુ કરેલ છે. તેમજ સદર જોડાણ ગોરધનભાઈ નાગજીભાઈ તળાવીયા ના નામનુ છે, જેમા તેઓ નામ બદલી કરવા પણ સહમત નથી. તો આ જોડાણ તેઓની સહીમતી વગર ઉભુ કરેલ છે. આમ, સદર જોડાણ ને તેઓના ભાઈ ના નામ પરથી – તેઓના નામ પર ફેરવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ અરજી કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ને હૈયાત વીજજોડાણ ના સ્થળ પર પીજીવીસીએલ ની સબંધક કચેરીના અધિકારી શ્રી દ્વારા – અરજદાર ની હાજરીમાં નવા અને

જુના સાધનિક કાગળો બતાવેલ – તે મુજબ – ગોરધનભાઈ નાગજીભાઇ પાસેથી રમેશભાઈ ગોરધનભાઈ નામે પીકોસી રી- કનેકશન નામફેર સાથે ચાલુ કરાયેલ છે, જે જરૂરી મંજુરી અને નિયમાધીન બાબત હોય – જે અરજદાર પોતાના નામે એટલેકે રાઘવજીભાઈ નાગજીભાઈ ના નામે – નામ બદલી થઈ શકે નહી. તે બાબતેની જાણકારી આપેલ હોય – જે અરજદાર ને સંતોષકારક જણાતા – અરજદારે તા.૧૩–૦૩–૧૯ ના રોજ લેખીત રજુઆત મુજબ – તેઓએ ફરીયાદ પરત ખેંચે છે અને તેઓની સદર ફરીયાદ રદબાતલ કરવા સહમતીપત્ર રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ **અને** પેરા નં ૩.૦ થી અન્વયેની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૫ અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) | (એન. ડી. ધામેલીયા) |
| **સ્વતંત્ર સભ્ય** | **ચેરપર્સન** | **સભ્ય (ટેક)** |
| **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** |